# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

*અમારું ધ્યેયઃ સર્વ જીવોનું કલ્યાણ*

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

**જાહેરાત ક્રમાંકઃ ૦૩/૨૦૨૪**

કામધેનુ યુનિવર્સિટીની નીચે દર્શાવેલ બિન શૈક્ષણિક સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા નિયત શૈક્ષણિક તથા અન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | કુલસચિવ | ૦૧ |
| ૨ | મદદનીશ કુલસચિવ | ૦૩ |
| ૩ | પશુચિકિત્સા અધિકારી વર્ગ –૨ | ૧૬ |
| ૪ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (વેટરનરી) વર્ગ–૩ | ૦૮ |
| ૫ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ડેરી) વર્ગ–૩ | ૦૩ |
| ૬ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ફિશરીઝ) વર્ગ–૩ | ૦૧ |
| ૭ | લાયબ્રેરી આસીસ્ટન્ટ | ૦૪ |
| ૮ | લેબોરેટરી ટેકનિશ્યન | ૧૨ |
| ૯ | એક્સરે ટેકનિશ્યન | ૦૨ |
| ૧૦ | પશુધન નિરિક્ષક | ૦૩ |
| ૧૧ | જુનિયર કલાર્ક | ૧૧ |

જાહેરાત અંગે વિગતવાર માહિતી જેવીકે જાહેરાત, અરજી કરવાની પદ્ધતિ, અરજી ફીની વિગત વગેરે જરૂરી વિગતો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઇટ www.kamdhenuuni.edu.in ઉપર તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજથી જોવા મળશે.

તારીખ:૧૨/૦૩/૨૦૨૪

કુલસચિવ ૧૪.૦૩.૨૦૨૪

**Apply For Non-Teaching Post (Advt. 03) -**
**https://apply.registernow.in/KamdhenuUni/Class3/**

# કામધેનુ યુનિવર્સિટી

અમારુ ધ્યેયઃ સર્વ જીવોનું કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ સ્થાપિત)

## જાહેરાત ક્રમાંક : ૦૩/૨૦૨૪

કામધેનુ યુનિવર્સિટી અને તેના વિવિધ કેન્દ્રો માટે નીચે દર્શાવેલ બિન–શૈક્ષણિક વહીવટી અને તાંત્રિક સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત શૈક્ષણિક તથા અન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ યુનિવર્સિટીની website: kamdhenuuni.edu.in ઉપર દર્શાવેલ લીંક મારફતે **તા.૧૫/૦૩/૨૦૨૪ થી તા.૨૫/૦૪/૨૦૨૪ (સમય ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાઓની સંખ્યા | દરેક કક્ષા પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | માજી સૈનિક | શા.ખો. ખા. |
| ૧ | કુલસચિવ | ૦૧ | ૦૧ | – | – | – | – | – | – | – | – | – | –– | – |
| ૨ | મદદનીશ કુલસચિવ | ૦૩ | ૦૨ | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – | – |
| ૩ | પશુચિકિત્સા અધિકારી વર્ગ –૨ | ૧૬ | ૮ | ૪ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | – | – | – | – | – |
| ૪ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (વેટરનરી) વર્ગ –૩ | ૦૮ | ૫ | – | ૧ | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – |
| ૫ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ડેરી) વર્ગ –૩ | ૦૩ | ૧ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – |
| ૬ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ફિશરીઝ) વર્ગ –૩ | ૦૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭ | લાયબ્રેરી આસીસ્ટન્ટ | ૦૪ | ૩ | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – | – |
| ૮ | લેબોરેટરી ટેકનિશ્યન | ૧૨ | ૮ | ૨ | ૧ | – | ૧ | ૨ | – | – | – | – | – | – |
| ૯ | એકસરે ટેકનિશ્યન | ૦૨ | ૨ | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦ | પશુધન નિરિક્ષક | ૦૩ | ૧ | ૦ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – |
| ૧૧ | જુનિયર કલાર્ક | ૧૧ | ૭ | ૨ | – | ૧ | ૧ | ૨ | – | – | – | – | – | – |

૧. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા –

| ક્રમ | જગ્યાનુ નામ તથા પગાર ધોરણ | જરૂરી શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | **કુલસચિવ**<br>પગાર ધોરણ<br>પે મેટ્રીક્ષ, લેવલ ૧૨<br>રૂ.૭૮૮૦૦–૨૦૯૨૦૦ | (1) A Master degree with atleast 55% of the marks OR its equivalent grade of B in the U.G.C. 7.0 point scale.<br>(2) A Ph.D. in Veterinary & Allied sciences or equivalent qualifications<br>(3) Atleast 15 years of experience as a Assistant Professor in the AGP of Rs. 7,000 and above<br>OR<br>with 8 years of service in AGP of Rs. 8,000 and above including as Associate Professor along with experience in educational and/ or administrative.<br>OR<br>Comparable experience in research/ establishment and / or other institutions of higher education.<br>OR<br>15 years of administrative experience, of which 8 years as shall be as Deputy Registrar.<br>OR<br>an officer holding equivalent post not below the rank of Joint Director of Agriculture OR Gujarat Administrative Service (Senior Scale) cadre. | ૫૫ વર્ષથી વધુ નહિ |
| ૨ | **મદદનીશ કુલસચિવ**<br><br>પગાર ધોરણ<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૦<br>રૂ.૫૬૧૦૦ – ૧૭૭૫૦૦ | (1) At least Bachelor degree holder in any discipline with not less than 55% marks.<br><br>(2) Master degree with at least 55% of the marks or its equivalent grade of 'B' in the UGC 7-point scale along with a good academic record as laid down by UGC. Desirable: (1) Two years post graduate degree/diploma in MBA is desirable.<br><br>(3) Passed the Examination of CCC+ of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ<br>(Provided that the age limit will be relaxed in case of Kamdhenu University employees). |

| | | | |
|---|---|---|---|
| ૩ | પશુચિકિત્સા અધિકારી(વર્ગ-૨)<br>પગાર ધોરણ<br>પે મેટ્રીક્ષ, લેવલ – ૮<br>રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦ | [A] The candidate should have passed the Second Class B.V.Sc. and A.H. degree.<br>[B] The candidate should be the Member of State Veterinary Council OR Veterinary Council of India.<br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૪ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (વેટરનરી) (વર્ગ-૩)<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ.૪૯૬૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત પગારધોરણ<br>પે મેટ્રીક્ષ, લેવલ-૭<br>રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ | [A] The candidate should have passed the Second Class B.V.Sc. and A.H. degree.<br>[B] The candidate should be the Member of State Veterinary Council OR Veterinary Council of India.<br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૫ | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ડેરી) (વર્ગ-૩)<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ.૪૯૬૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત<br>પગાર ધોરણ પે મેટ્રીક્ષ,<br>લેવલ – ૭<br>રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ | [A] A First Class Bachelor's degree in B.Sc. (D.T.) or I.D.D. (D.T.) or B.Tech. (D.T.)<br>OR<br>Second Class master degree in any discipline of Dairy Faculty.<br>[B] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૬ | **સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ફિશરીઝ) (વર્ગ-૩)**<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત<br>રૂ.૪૯૬૦૦/-<br>પગાર ધોરણ પે મેટ્રીક્ષ,<br>લેવલ - ૭<br>રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ | [A] Atleast First class Bachelor's degree in the concerned faculty.<br>OR<br>[A] A second-class master's degree in any subject of the concerned faculty.<br>[B] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૭ | **લાયબ્રેરી આસીસ્ટન્ટ**<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ.૪૯૬૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત પગારધોરણ<br>પે મેટ્રીક્ષ, લેવલ-૭<br>રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ | [A] Candidate should possess First Class Bachelor Degree in Library Science.<br>[B] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૮ | **લેબોરેટરી ટેકનિશ્યન**<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ. ૪૦૮૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમિત પગાર ધોરણ<br>પે મેટ્રીક્ષ લેવલ-૫<br>રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ | [A] Second Class bachelors degree in Microbiology / Chemistry / Bio-chemistry/ Bio Technology .<br>[B] He/ She should have received training as Laboratory Technician at an Institution recognized by the Government.<br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૯ | **એક્સરે ટેકનિશ્યન**<br>કરાર આધારે પ્રથમ<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>માસિક ફિક્સ પગાર<br>નિયમીત રૂ.૪૦૮૦૦/-<br>પે મેટ્રીક્ષ લેવલ-૫<br>રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ | [A] Candidate must possess a degree of B.Sc.<br>[B] He should have received training as X-Ray Technician at any Institute recognised by the Government.<br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period | વર્ષ ૧૮ થી ૩૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | **પશુધન નિરિક્ષક**<br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ.૨૬૦૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત પગાર-ધોરણ<br>પે મેટ્રીક્ષ, લેવલ-૪<br>રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦ | (A) Have passed the Secondary School Certificate Examination (10th pass) with English as one of the subject from SSC examination Board of the State or Central Government and<br><br>(B) Possesses a Certificate of Livestock Inspector Training from any recognized university or have passed three years' diploma in Animal Husbandry from any of the University established or incorporated by or under the central or state agricultural university or Veterinary University Act and recognized by the ICAR and<br><br>(C) Passed the CCC examination determined by the State Government within the probation period. | ૧૮ થી ૩૩ વર્ષ |
| ૧૧ | **જૂનિયર કલાર્ક**<br><br>કરાર આધારે પ્રથમ પાંચ વર્ષ<br>માસિક ફિક્સ પગાર<br>રૂ.૨૬૦૦૦/-<br>પાંચ વર્ષ પૂર્ણ થયેથી<br>સાતમા પગાર પંચ મુજબ<br>નિયમીત પગાર-ધોરણ<br>પે મેટ્રીક્ષ લેવલ-૨<br>રૂ.૧૯૯૦૦-૬૩૨૦૦ | [A] Candidate should have passed H.S.C. (Standard XII) or its equivalent examination.<br>OR<br>Three years diploma in Animal Husbandry.<br>[B] Should possess the speed in Gujarati typing 25 words per minutes OR English Typing 40 words per minute.<br>[C] Passed the Examination of CCC of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period. | ૧૮ થી ૩૩ વર્ષ |

| | |
|---|---|
| ૧.૧ | ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ. |
| ૧.૨ | ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ધરાવતા હોવા જોઇએ. |
| ૧.૩ | ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે. |
| ૧.૪ | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કોમન સ્ટેચ્યુટ નં. એસ-૧૧૬ ના (એપેન્ડીક્ષ-૧.૮) સેવા (બિનશૈક્ષિણક કર્મચારી ભરતી) નિયમ-૨૦૧૧ મુજબ વયમર્યાદા દર્શાવેલ છે. તેમાં નામ. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ નં. સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૦૬/૧૦/૨૦૧૫માં (તથા ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧/ ૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫ તા.૧૪/૧૦/૨૦૨૧ મુજબ વયમર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.) |
| ૧.૫ | ઉમેદવારો નામ. સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ. |
| ૨ | **ઓનલાઇન અરજી માટેની ફી :** (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.) |

| ક્રમ | વિગત | અરજીની ફીની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | બિન અનામત કેટેગરીના પુરૂષ/મહિલા ઉમેદવાર માટે | ૫૦૦+બેંક ટ્રાન્જેકશન ચાર્જ |
| ૨. | અનામત કેટેગરીના પુરૂષ/મહિલા ઉમેદવાર માટે (EWS/ST/SC/SEBC/PH) | ૨૫૦+ બેંક ટ્રાન્જેકશન ચાર્જ |
| ૩. | Ex. Service Man | શૂન્ય |

| | |
|---|---|
| ૩. | **અરજી પત્રક ભરવા અંગેની માહિતી.** |
| | ઓનલાઇન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત અને સૂચનાઓ વાંચી, સમજી અરજી કરવાની રહેશે. ઉમેદવારે સૌપ્રથમ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર આપેલ લીંક મારફતે ઓનલાઇન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, જેમાં **OTP** ઉમેદવારના ઇમેલ ઉપર આવશે. જેના આધારે રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ઉમેદવારે આગળનું અરજી ફોર્મ ભરવાનું રહેશે. જનરેટ થયેલ યુઝર નેમ તથા પાસવર્ડ ઉમેદવારના ઇમેલ ઉપર આવશે. ઓનલાઇન અરજી ફોર્મ **Registration Info, Basic Details, Education Details, અને Upload Documents** એમ ચાર ભાગમાં ફોર્મ ભરવાનું રહેશે. દરેક ભાગના અંતે **Save and Continue** કરવાનું રહેશે. અંતમાં પોર્ટલમાં દર્શાવેલ વિગતે ઉમેદવારનો તાજેતરનો ફોટો તથા સહી અપલોડ કરવાના રહેશે અને સબમીટ કરવાનું રહેશે. ત્યાર બાદ ઓનલાઇન અરજી ફી ચુકવણા અંગેની વિન્ડો ખુલશે. જેમાં ઓનલાઇન માધ્યમથી અરજી ફીનું ચુકવણું કરવાનું રહેશે. ઉમેદવારે રજીસ્ટ્રેશનમાં દર્શાવેલ ઇમેલ તથા મોબાઇલ નંબર, સદર જાહેરાત બાબતે આગળની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. અરજી ફોર્મ ભરતી વખતે ઉમેદવારે આપેલ માહિતીમાં ભૂલચૂક બાબતે સુધારો કરવાની રજુઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે |

| | |
|---|---|
| | નહિ. ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ, અરજી ફી ચૂકવણાંની પહોંચની પ્રિન્ટ / નકલ અચૂક લઇ લેવાની રહેશે. ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ, અરજી ફી ચૂકવણાંની પહોંચ તથા ઓનલાઇન અરજીમાં અપલોડ કરેલ તમામ અસલ પ્રમાણપત્રો અત્રેની યુનિવર્સિટી દ્વારા રૂબરૂમાં ચકાસણી અર્થે બોલાવવામાં આવે ત્યારે રજૂ કરવાના રહેશે, જેની નોંધ લેવી. સદર બાબતે કોઇ પ્રશ્ન ઉદ્‌ભવે તેવી સ્થિતિમાં સહાય માટે નીચેની વિગતે સંપર્ક કરવાનો રહેશે. Helpdesk email support@registenow.in |
| | **સામાન્ય સુચનાઓ:-** |
| ૩.૧ | ઓનલાઇન અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો કલર ફોટોગ્રાફ (Only jpg/png , Max 1 MB, Dimension: Min 100px; Max: 150px ) અને સહી (Only jpg/png, Max 1 MB, Dimension : Min 50px; Max : 150px) સ્કેન કરી ફાઇલ ઓનલાઇન અરજીમાં અવશ્ય અપલોડ કરવાના રહેશે. તેમજ તે જ ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે, જે જરૂર પડ્યે મંગાવવામાં આવશે. |
| ૩.૨ | ઓનલાઇન અરજી કરતી વખતે પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમણૂક રદ્દ કરવામાં આવશે. અરજી પત્રકમાં ઓનલાઇન માધ્યમથી ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે (પ્રોવિઝનલ એડમીશન) દાખલ કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે. પરંતુ પસંદ થયેલ ઉમેદવારોની નિમણૂંક તેમની જરુરી લાયકાત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધિન રહેશે. |
| 3.3 | અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું/આર્થીક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં જોડેલ હોવું જોઇએ. |
| ૪ | **પગાર ધોરણ :** |
| ૪.૧ | નામ. સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ તેમજ વખતો વખત ઠરાવોની જોગવાઇઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૩/૧૬ના ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. વધુમાં ફિક્સ પગાર માટે પગાર ધોરણ નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧/તા.૧૮-૧૦-૨૦૨૩ મુજબ નિયત થયેલ છે. |
| ૪.૨ | ફિક્સ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક હશે તો જ નામ. સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અસામાન્ય સંજોગોમાં યુનિવર્સિટી ઉપરોક્ત કરારી સેવા ગમે ત્યારે રદ્દ કરી શકશે અને તે અંગે કોઇ વળતર ચૂકવવાપાત્ર થશે નહિ. તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક અધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં સરકારશ્રીના જે તે સમયના ધારાધોરણ મુજબ મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિમણૂંક મેળવવાને પાત્ર થશે. |

| | |
|---|---|
| ૪.૩ | ફિક્સ પગારથી લાયક ઉમેદવારની પાંચ (૦૫) વર્ષના કરારીય ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક થયા બાદ આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ સરકારશ્રીના/યુનિવર્સિટીના વખતો વખતના ઠરાવ મુજબ નિયત પરીક્ષાઓ કરારીય સમયગાળામાં પાસ કરવાની રહેશે. |
| ૫.૦ | **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ. |
| ૬.૦ | ઉમેદવાર ગુજરાતી અને હિન્દી બંન્ને ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |
| ૭.૦ | **વયમર્યાદામાં છુટછાટ :**<br>૧) ઉકત જગ્યાઓ માટે અરજી કરવાની અંતિમ તારીખે (૨૫/૦૪/૨૦૨૪) ઉમેદવારની વય **ક્રમ – ૧ શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા** માં જે તે જગ્યા સામે દર્શાવેલ વય મર્યાદા મુજબ હોવી જોઇએ.<br>૨) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૧. | સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭. | અનામત અને આર્થિક રીતે નબળા વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |
| ૮. | માજી સૈનિક ઉમેદવારો નીચે દર્શાવેલ મુદ્દા (૩) મુજબ. | મુદ્દા ૩ મુજબ |

૩) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉમર માંથી બાદ કરતા મળતી ઉમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહી. માજી સૈનિકો માટે નિયમોનુસાર ૧૦ ટકા જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., સા.શૈ.પ, આ.ન.વ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે માજી સૈનિક ઉમેદવાર નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૪) જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. તેમજ અનામત વર્ગોને બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષની** ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

૫) કામધેનુ યુનિવર્સિટીના કર્મચારીઓના ઉપલીવય મર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે.

| | |
|---|---|
| ૭.૧ | અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરે તેવા કિસ્સામાં વયમર્યાદા અને અન્ય લાયકાત વગેરે અંગે બિનઅનામતના ધોરણો લાગુ પડશે. |

૨૭/૩/૨૦૨૪

| | |
|---|---|
| ૭.૨ | મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસઇબીસી, આર્થિક રીતે નબળા વર્ગ)ના પુરૂષ ઉમેદવાર થી ભરવામાં આવશે (સામાન્ય વહિવટી વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨/(ભાગ-૧) તથા તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨/ની જોગવાઇ મુજબ) |
| ૭.૩ | ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી **રદ્દ** થશે. |
| ૭.૪ | **વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત માટે નિર્ધારીત તારીખ:**<br>સદરહુ જગ્યા માટે શૈક્ષણિક લાયકાત, નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ તથા અન્ય જરૂરી લાયકાતની ઉપલી વય મર્યાદા તથા અન્ય ગણતરી માટે મુળ જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી **તારીખ:૨૫/૦૪/૨૦૨૪ને ધ્યાને લેવાની રહેશે.** |
| ૭.૫ | સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : સશપ-૧૧૦૯-૧૬૬૩-અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં), તા. ૨૬.૦૪.૨૦૧૬નાં ઠ.ક્ર. સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮.૦૮.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઇ મુજબ, ઉમેદવાર અરજી કરવાની છેલ્લી તારીખે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું અસલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ. જે સક્ષમ અધિકારી દ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનુ હોય માન્ય ગણવામાં આવશે નહી). પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારોની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમા ધરાવતા હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૮ | **પસંદગી પ્રક્રીયા :-** |
| ૮.૧ | કુલસચિવની જગ્યા ઉપર રુબરુ ઇન્ટરવ્યુ મારફતે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. |
| ૮.૨ | મદદનીશ કુલસચિવની જગ્યા ઉપર ઉમેદવારોની પસંદગી માટે Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની જે તે વિષયને લગતા ૨૦૦ પ્રશ્નો – કુલ ૨૦૦ ગુણની (Objective) સ્પર્ધાત્મક કસોટી તથા તેમાં ૪૦ ટકા ગુણથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી મેરીટના ધોરણે પ્રથમ-૧૦ ઉમેદવારને ઈન્ટરવ્યુમાં બોલાવી રુબરુ ઈન્ટરવ્યુ મારફતે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. |
| ૮.૩ | પશુચિકિત્સા અધિકારીની જગ્યા ઉપર ઉમેદવારોની પસંદગી માટે Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની જે તે વિષયને લગતા ૨૦૦ પ્રશ્નો – કુલ ૨૦૦ ગુણની (Objective) સ્પર્ધાત્મક કસોટી તથા તેમાં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી જાહેરાત કરેલ જગ્યાના ત્રણ ગણા ઉમેદાવારોને મેરીટના ધોરણે રુબરુ ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. તથા તેમાંથી ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. |
| ૮.૪ | એકસરે ટેકનિશ્યન, સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ડેરી), સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (વેટરનરી), સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ(ફિશરીઝ),લાયબ્રેરી આસીસ્ટન્ટ, લેબોરેટરી ટેકનીશીયન, પશુધન નિરિક્ષકની જગ્યા ઉપર ઉમેદવારોની પસંદગી માટે Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની જે તે વિષયને લગતા ૨૦૦ પ્રશ્નો – કુલ ૨૦૦ ગુણની (Objective) સ્પર્ધાત્મક કસોટી પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે, તેમાં ૪૦% કે તેથી ગુણથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી મેરીટના ધોરણે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૮.૫ | જુનિયર કલાર્કની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે નીચે દર્શાવેલ (ક) મુજબ કુલ ૨૦૦ ગુણની (ભાગ-૧) સ્પર્ધાત્મક કસોટી પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષા (ભાગ-૧)માં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોને મેરીટના ધોરણે જાહેરાતમાં દર્શાવેલ જગ્યા મુજબ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી (ભાગ-૨) માટે બોલાવવામાં આવશે. ઉક્ત બંને કસોટીમાં ૪૦% કે તેથી વધુ ગુણ ધરાવતા ઉમેદવારોના બંને કસોટીના ગુણ મળી મેરીટ તૈયાર કરવામાં આવશે જે પૈકી મેરીટમાં આવતા ઉમેદવારોને સંખ્યાના પ્રમાણમાં પસંદગી કરવામાં આવશે. |
| ૮.૬ | લઘુતમ લાયકાતનું ધોરણ :<br>કુલસચિવની જગ્યા સિવાયની તમામ સંવર્ગની જગ્યાઓ બાબતે કોઈપણ સંજોગોમાં અનામત કેટેગરી સહીતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે કોઇ પણ કસોટીમાં / ઇન્ટરવયુમાં લઘુતમ લાયકાતનું ધોરણ કુલ ગુણના ૪૦% ગુણ રહેશે. |
| ૮.૭ | ૧) એકસરે ટેકનિશ્યન, સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (ડેરી), સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (વેટરનરી), સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ(ફિશરીઝ),લાયબ્રેરી આસીસ્ટન્ટ, લેબોરેટરી ટેકનીશીયન, પશુધન નિરિક્ષકની જગ્યા માટે એકજ કસોટી રાખેલ હોય તેની આખરી મેરીટ યાદી એકજ કસોટીના ગુણના આધારે બનાવવામાં આવશે.<br>૨) જુનિયર કલાર્કની જગ્યાઓ માટે આખરી મેરીટ યાદી, ભાગ-૧ અને ૨ કસોટી બન્નેમાં મેળવેલ સંયુક્ત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.<br>૩) નામ.સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક તા.૦૬/૧૧/૧૫ મુજબ વર્ગ-૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ્દ થતાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.<br>૪) ઉક્ત ત્રણેય સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનું મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.<br>અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના મેરીટ/ગુણ એક સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મતારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.<br>બ) ઉક્ત (અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં લેખિત પરીક્ષા (ભાગ-૧)માં મેળવેલ ગુણ ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.<br>ક) ઉક્ત (બ) મુજબ લેખિત પરીક્ષા (ભાગ-૧) માં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦માં મેળવેલા કુલ ગુણ ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. |
| ૮.૮ | જો ઉમેદવાર વિધવા હોય અને તે અંગે સરકારશ્રીના ઠરાવ મુજબ નિમણૂંકમાં પ્રાધાન્ય મેળવવા માગતા હોય તો તે અંગે અરજીપત્રકમાં માહિતી આપવાની રહેશે. પાછળથી આ અંગેના દાવો કરી શકાશે નહિ. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ(૨) તેમજ સરકારશ્રીનાં વખતોવખતના સુધારા પરિપત્રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત કસોટી, બીજા તબકકાની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ કે અન્ય કોઇ ટેસ્ટ આયોજીત કરવામાં આવે તો તેમાં એમ દરેક તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવા (મેરેજ સર્ટીફીકેટ, પતિના ડેથ સર્ટીફીકેટ અને પુન: લગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ) યુનિવર્સિટીને અસલમાં ફરજીયાત પણે રજુ કરવાના રહેશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ્દ પાત્ર થશે. |

| | |
|---|---|
| ૮.૯ | એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઈફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય/આંતર યુનિવર્સિટી/અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી ફોર્મમાં આ અંગેની વિગતો દર્શાવેલ હશે, તો તેઓને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખીત પરિક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮૩૬૪૪/ગ.૨/ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને જ રમતના ગુણ માટે હકકદાર થશે. રમત અંગેના પ્રમાણપત્ર માટે નિયત કરેલ સત્તાધિકારી તથા ફોર્મ્સનાં નમૂનાઓ જાહેરાતનાં અંતે સામેલ છે. |
| ૮.૧૦ | પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો યુનિવર્સિટીનો હક્ક અબાધિત રહેશે. |
| ૦૯ | અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઈ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી, યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ website: https://www.kamdhenuuni.edu.in મારફત online કોલલેટર (હોલ ટીકીટ) ડાઉનલોડ થઈ શકશે. ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ જ રાખવો તેમજ કામધેનુ યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ વખતો વખત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| ૧૦ | સદરહું સ્પર્ધાત્મક પરીક્ષાનું માધ્યમ ગુજરાતી(ભાગ-૧) રહેશે. વધુમાં અંગ્રેજી વિષયને લગતા પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટેના પ્રશ્નો ગુજરાતી તથા અંગ્રેજી બંન્ને ભાષામાં રહેશે. આ ઉપરાંત તમામ સંવર્ગની જગ્યાઓ માટે પરીક્ષાના સીલેબસ હવે પછીથી વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેશે. |
| ૧૧ | ભરતી બાબતે વિવાદના સંજોગોમાં ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. |
| ૧૨ | અગત્યની તારીખોઃ |

| ક્રમ | વિગત | તારીખ | |
|---|---|---|---|
| | | ક્યાંથી | ક્યાં સુધી |
| ૧ | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની, ઓનલાઈન ફી ભરવા અંગે તથા ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવાની કાર્યવાહીની તારીખ | ૧૫/૦૩/૨૦૨૪ | ૨૫/૦૪/૨૦૨૪ (૨૩.૫૯ કલાક સુધી) |

| નોંધઃ– | |
|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક ખોડખાપણ, ખેલ–કૂદમાં ભાગ લીધેલ હોવાના પ્રમાણપત્રો અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલ સહિત) રજૂ કરવાના રહેશે. આવા પુરાવા રજૂ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબક્કેથી **રદ્દ** કરવાપાત્ર થશે. |
| ૨ | ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના(સામાન્ય) નિયમો–૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક રદ્દ કરી પડતો મુકી શકશે. નિમણુક બાબતે સક્ષમ સતાઅધિકારીનો નિર્ણય આખરી ગણાશે. |
| ૩ | ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઇન પરીક્ષાનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. |
| ૪ | ઉપરોકત તમામ જગ્યાઓ રાજય સરકારશ્રી/કામધેનુ યુનિવર્સિટીની વખતો વખતની સુચનાઓ તેમજ પ્રવર્તમાન નિયમોનુસાર ભરવામાં આવશે. |
| ૫ | લેખિત/ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા બાબતની તેમજ ત્યારબાદની બધી જ સુચનાઓ યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે તેમજ તેની જાણ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થયા સુધી નંબર જાળવી રાખવો અનીવાર્ય રીતે જરૂરી છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઈ જવાના કારણે ઉમેદવારને SMS થી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે, આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણૂંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે. |
| ૬ | આ જાહેરાતને સંલગ્ન તમામ સૂચનાઓ કામધેનુ યુનિવર્સિટીની website : https://www.kamdhenuuni.edu.in પર વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટી વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે. |
| ૭ | આ જાહેરાત કે ભરતી પ્રક્રિયા કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કામધેનુ યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે તેમજ અરજી ફી ની રકમ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી. ઉપરોક્ત જગ્યાઓની ભરતી અંગેના કોઇપણ નિર્ણય માટે કામધેનુ યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે. કામધેનુ યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ. |
| ૮ | સમગ્ર ભરતી પ્રક્રિયા પુરી ન થાય ત્યા સુધી આર.ટી.આઇ. એક્ટ હેઠળ કોઇ પણ પ્રકારની માહિતી માગતી કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૯ | અરજી કરવા સમયે ઉમેદવારનો ફોટો, સહિનો નમૂનો તથા તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો સૂચના મુજબ નિયત ફોર્મેટમાં ફરજીયાત અપલોડ કરવાનાં રહેશે. |
| ૧૦ | સદર બાબતે કોઇ પ્રશ્ન ઉદ્દ્ભવે તેવી સ્થિતિમાં સહાય માટે નીચેની વિગતે સંપર્ક કરવાનો રહેશે. Helpdesk email support@registenow.in |

## APPENDIX-F

**Part I : Syllabus for written test** **2 Hours**

| | | |
|---|---|---|
| 1 | History and Culture of Gujarat. | 25 Marks |
| 2 | Gujarati Grammar. | 25 Marks |
| 3 | English Grammar. | 25 Marks |
| 4 | Current Affairs of India and Gujarat, General Science, Aptitude Quantitative | 50 Marks |
| 5 | Computer Theory in reference to the basic knowledge of computer applications as prescribed in Appendix – G | 25 Marks |
| 6 | Public Administration and Constitution of India. | 50 Marks |
| | **Total** | **200 Marks** |

**Note:**

1) The examination shall be in O.M.R. (Optical Mark Reader) system / Computer based OMR. Every question shall be of 1 mark. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**Part II : Syllabus for Computer Proficiency Test** **1 Hour and 30 Minutes**

| | | |
|---|---|---|
| 1. | Gujarati Typing Test 25 words per minute | 20 Marks |
| 2. | English Typing Test 40 words per minute | 20 Marks |
| 3. | Computer practical test in reference to basic knowledge of computer applications as prescribed in Appendix – G & H | 60 Marks |
| | **Total** | **100 Marks** |
| **Note:-** The speed of typing shall not be less than 5000 key depressions with accuracy per hour. | | |

## APPENDIX – G

(See Appendix- F)

**(1) Operating System and office Productivity Tools**

(I) Microsoft Windows
(II) MS Word including Advanced Features
(III) MS Outlook
(IV) File and Folder Management
(V) Internet Familiarity, Usages and E-mail
(VI) Understanding Wide Area Network, Wireless LAN and connecting LAN to WAN.
(VII) Information on Internet explorer usages and various options/ settings available
(VIII) Overview & usages of PDF
(IX) Microsoft Office

**(2) Microsoft Office Indic (Gujarati)**

(I) Introduction about MS Office Indic
(II) Introduction about Desktop, Mouse, Keyboard, etc.
(III) How to start Word? Methods of starting Word
(IV) How to change Language English to Gujarati
(V) Introduction about the Gujarati keyboards
(VI) Introduction about the Gujarati IME. Difference between Remington and Transliteration K/B.
(VII) How to operate the K/B. What is Transliteration K/B.
(VIII) How to type different Characters and Words from transliteration K/B.
(IX) How to use IME help? How to use spelling grammars check in Gujarati?
(X) What is smart Tag? What is thesaurus?
(XI) How to change the menu from English to Gujarati
(XII) Convert the ASCII font to Unicode from TBIL converter.

**(3) Troubleshooting, Installation and Best practices**

(I) Understanding Storage devices
(II) How to use a DVD/CD/ROM and floppy
(III) Burning DVD/CD

| | |
|---|---|
| (IV) | Taking data on and from a flash drive, pen drive |
| (V) | Using data and resources from a Local Area Network |
| (VI) | Using FTP for uploading and downloading of Data from the Internet |
| (VII) | Information on Scanner and Scanner Software usage/ configuration |
| **(4)** | **Installations:** |
| (I) | Installing basic software's like MS Office, etc. |
| (II) | CD Burning Software (Nero etc.) |
| (III) | Installing or adding printers |
| (IV) | Installing or adding Fonts |
| (V) | Installing sound drivers |
| (VI) | Installing drivers for any new hardware |
| (VII) | Installing new software and removing them using the control panel |
| **(5)** | **Best Practices.** |
| (I) | General Security concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts |
| (II) | Disk Cleanup |
| (III) | Regular updating of anti-virus software |
| (IV) | Scandisk |
| (V) | Backups in detail including the following:<br>a) Backup through Application<br>b) Backup through Utilities and Tools<br>c) Record Retention |
| **(6)** | **Troubleshooting:** |
| (I) | Troubleshooting Tools |
| (II) | Troubleshooting Viruses |
| (III) | Troubleshooting Fundamentals |
| (IV) | Problems that keep a computer from starting |
| (V) | Troubleshooting OS, Network |
| (VI) | Problems after a Computer Boots |

## APPENDIX – H

(See Appendix – F)

**Practical Test**

| | | |
|---|---|---|
| (i) | Preparing a tender notice in word file | 30 Marks |
| (ii) | Preparing a slide for presentation based on data provided | 10 Marks |
| (iii) | Preparing an excel spreadsheet and answering an arithmetic problem | 10 Marks |
| (iv) | Error check and spelling correction in given ward document and other functions.<br>- Comment remove<br>- Spelling check<br>- Bold – Remove (Rewriting of paragraph), etc., | 10 Marks |

28/3/2022

**(ક)** **જુનિયર કલાર્કની જગ્યા માટેની ભાગ–૧ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા (એપેન્ડીક્ષ–Fમુજબ)**

**(સમય:૧૨૦ મીનીટ, કુલ ગુણ – ૨૦૦)**

| નં. | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ | ૨૫ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૨૫ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૫ |
| ૪ | ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય જ્ઞાન, એપ્ટીટ્યુડ ક્વોન્ટીટેટીવ | ૫૦ |
| ૫ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી, એપેન્ડીક્ષ–G મુજબ | ૨૫ |
| ૬ | જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન | ૫૦ |
| | કુલ ગુણ | ૨૦૦ |

**નોંધઃ–**

૧) પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.

૨) દરેક પ્રશ્ન ૦૧(એક) ગુણનો રહેશે.

૩) ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે (નેગેટીવ માર્કીંગ લાગુ પડશે).

૪) લેખિત પરીક્ષા (ભાગ–૧)માં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોને મેરીટના ધોરણે જાહેરાતમાં દર્શાવેલ જગ્યા મુજબ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

૫) ઉપર ક્રમ –૫ (પાંચ) પર દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગી પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી અંગેનો અભ્યાસક્રમ જાહેરાતના અંતે સામાન્ય વહિવટ વિભાગના Notification No.GS/2015/2/BRT/102015/315/K Dated : 04/01/2016 પ્રમાણે રહેશે (એપેન્ડીક્ષ–G).

**(ખ)** **જૂનિયર કલાર્કની જગ્યા માટેની ભાગ – ૨ ની કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી**

**(સમય–૯૦ મિનીટ, કુલ ગુણ–૧૦૦)**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીંગ કસોટી ૨૫ શબ્દ / મીનીટ | ૨૦ ગુણ |
| ૨ | અંગ્રેજી ટાઈપીંગ કસોટી ૪૦ શબ્દ / મીનીટ | ૨૦ ગુણ |
| ૩ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેક્ટીકલ કસોટી, એપેન્ડીક્ષ–G અને H મુજબ | ૬૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

**નોંધઃ–** ઉપર ખ(૩)માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રાયોગિક કસોટી અંગેનો અભ્યાસ જાહેરાતના અંતે જોડેલ Appendix-H મુજબનો રહેશે.

(૧) કોમ્પ્યુટર પ્રોફીશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીમાં ૪૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોનો જ સંયુક્ત મેરીટ (ભાગ–૧ તથા ભાગ–૨) યાદીમાં સમાવેશ કરવામાં આવશે.